જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૧૨/૧૩ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૮૦/૧૩**

**રખીયાલ વિસ્તારમા ઘોળા દીવસે વેપારીની પત્નીને હાથપગ બાંધી દઇ રોકડ રકમ રુ.૫ લાખની લુટ કરનાર બે આરોપીઓને ઝડપી પાડતી ક્રાઇમબ્રાન્ચ**

અમદાવાદશહેર પોલીસ કમિશ્નરશ્રીની સુચના મુજબ ક્રાઇમ બ્રાન્ચના જેસીપીશ્રી એ.કે.શર્માસાહેબ, તથા ડીસીપીશ્રી હિમાંશુ શુક્લા તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.સી.સોલંકી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે.એન.પટેલ નાઓએ અમદાવાદશહેરમા બનેલ ચોરી લુટફાટના ગુનાઓ શોધી કાઢવા તથા આવા ગુના અટકાવવા સારુ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.એલ.ચૌધરી તથા પોસઇશ્રી આર.આઇ.જાડેજા તથા સ્ટાફના માણસો સાથે મળેલ બાતમી હકીકત આધારે બીબી તળાવ ચાર રસ્તા પાસેથી આરોપીઓ (૧) મહમદ નજીર ખેરોદીન જાતે શેખ ઉવ.૨૮ રહે.મરીયમબીબીની ચાલી ખાનપુર દરવાજા પાસે શાહપુર અમદાવાદશહેર (૨) નવાઝહુસેન મહમદહુસેન જાતે શેખ ઉવ.૨૮ રહે.૮૮ - બાવા પાર્ક સોસાયટી ઝલક ફલેટની પાછળ જુહાપુરા અમદાવાદશહેર નાઓને ઝડપી પાડેલ છે.આ કામે આરોપીઓની વધુ પુછપરછ કરતા જણાવેલ કે રખીયાલ હકીમમતીની ચાલીમા રહેતા નાસીરભાઇ વલીમહમદ શેખ નાઓ બાપુનગર કામદાર એસ્ટેટમા જીન્સના પેન્ટોનુ પ્રિન્ટીગ તથા કલરકામ નુ કારખાનુ ઘરાવી વેપાર ઘઘો કરે છે.અને તેઓ મુળ વેસ્ટ બેગાલના છે.અને તેઓ કુટુબીક ભત્રીજો આરોપી નં.૧ મહમદનજીર જે ખાનપુર કાગળના કવર બનાવવાના કારખાનમા નોકરી કરે છે.ફરીયાદીના પતિ નાસીરભાઇ તથા આરોપી નં.૧ મહમદનજીર ના પરીવાર વચ્ચે વતનમા મિલ્કત બાબતે મનદુખ થયેલ હોય જેથી તેનો બદલો લેવા સારુ આરોપી નં.૧ મહમદનજીરે નકકી કરેલ તે મુજબ અગાઉ નદીના પટના છાપરામા રહેતા આસીફહુસેન ઇકબાલહુસેન શેખને બનાવના બે મહીના પહેલા વાતચીત કરેલ કે મારા કુટુબીક કાકા નાસીરભાઇ તેઓના ઘરમા ઘણી મોટી રકમ હોય છે.અને બપોરના સમયે નાસીરભાઇની પત્ની એકલી જ ઘરમા હોય છે.જેથી તેને કોઇ હથીયાર બતાવી ઘરમાથી રોકડ રકમની લુંટ કરી લેવાની વાતચીત કરેલ તે પછી આરોપી નં.૧ મહમદનજીર એ આસીફહુસેન તથા નવાઝહુસેનને ઓટોરીક્ષામાં લઇ જઇ રખીયાલ હકીમમતીની ચાલીમા નાસીરભાઇ શેખનુ મકાન બતાવેલ.અને એકબીજાના સંપર્કમા રહી આ પ્લાન પાર પાડવા સારુ આસીફહુસેનએ તેની માસી નો છોકરો આરોપી નં.૨નવાઝહુસેનને તૈયાર કરેલ તે મુજબ ગઇ તા.૮.૧૧.૨૦૧૩ નારોજ આસીફહુસેન એક ઓટોરીક્ષા લઇ પ્રથમ આરોપી નં.૨ નવાઝહુસેન પાસે ગયેલ અને ત્યાંથી ખાનપુર આવી આરોપી નં.૧ મહમદનજીરને મેળવી ત્રણેય જણા પ્રથમ બાપુનગર કામદાર એસ્ટેટમા નાસીરભાઇ કારખાનાની થોડે દુર ગયેલા.અને નાસીરભાઇ કારખાનામા હાજર હોય આરોપી નં.૧ મહમદનજીર ત્યાં ઉતરી ગયેલ અને આસીફહુસેન તથા નવાઝહુસેન બન્નેજણા રીક્ષા લઇ નાસીરભાઇના ઘરે ગયેલા.અને આરોપી નં.૧ મહમદનજીર નાનો કારખાને નાસીરભાઇ સાથે વાતોચીતો કરવા લાગેલ.અને ઉપરોક્ત બન્ને આરોપીઓ નાસીરભાઇના ઘરે જઇ તેઓની પત્ની આ કામના ફરીયાદીશ્રી ઘરમા એકલા હોય બન્ને આરોપીઓ ઘરમ ઘુસી જઇ દુપટા વડે તેઓના હાથપગ બાંધી દઇ આરોપી આસીફહુસેને ચપ્પુ બતાવતા ફરીયાદી બહેન સાથે જપાજપી થતા ફરીયાદી બહેનએ પગથી લાત મારતા આરોપી આસીફહુસેન ને હાથે ચપ્પુ વાગી જતા ઇજા થયેલ અને તે પછી પણ ફરીયાદી બહેનને પેટી પલંગમા પુરી તેઓના ઘરમા કબાટમા મુકેલ રોકડ રકમ રુ.૫,૦૦,૦૦૦/- ની લુટ કરી નાસી જઇ લુટને અંજામ આપેલ અને લુટમા ગયેલ રોકડ રકમ રુ.૫,૦૦,૦૦૦/- આસીફહુસેન લઇ નાસી ગયેલ છે.જેની સઘન તપાસ ચાલુ છે.અને લુટનો અનડીટેક શોધી કાઢેલ છે.અને વધુ તપાસ અર્થે રખીયાલ પોલીસ સ્ટેશનમા સોપવા સારુ તજવીજ કરવામા આવેલ છે.

**<u>વટવા પો.સ્ટે.</u>**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૭૧/૨૦૧૩ ધી ઇ.પી.કો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ મુજબના કામના ફરીયાદીબેનની દીકરી જ્યોત્સનાબેન ડો/ઓ ગણપતભાઇ વેરસિભાઇ ઠાકોર (ચુકોડી) ઉવ.૧૭ રહે.એ/૨ શીવશક્તિ નગર ગાયત્રીનગરની બાજુમા ચામુંડા સોસા. સામે શાહવાડી નારોલ વટવા અ'વાદ તથા આરોપી રમેશભાઇ મંગળભાઇ ગલાભાઇ ડોડિયાર ઉ.વ.૨૨ રહે.માયાબેન મરાઠીની ઓરડીમાં શિવ શકિત નગર ચામુડા નગરની બાજુમાં શાહવાડી નારોલ અમદાવાદ શહેર મૂળવતન – ગામ નરોડા ( તલાવના મુવાડા) તા.ખાનપુર જી.મહિસાગર નાની અ.હે.કોન્સ મનુભાઇ વીરાભાઇ નાઓ મારફતે તપાસ કરાવતાં આરોપીના મૂળવતન ખાતે મળી આવતાં અત્રે વટવા પોલીસ સ્ટેશન ખાતે લાવી રજૂ કરતાં અમોએ ઉપરોકત ગુનામાં કામે સદરી આરોપીને તા.૨૪/૧૨/૨૦૧૩ ના કલાક ૧૩.૧૫ વાગે પકડી અટક કરી સાહેદ છોકરી તથા આરોપીની મેડિકલ સારવાર તેમજ જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.